

સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે રસ્તા પર પાણી ભરાઈ ગયાં છે. આ માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે એવી માગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. (તસવીર : દિપક જાની)

# નવ નિર્મિત શૌચાલયોમાં પાણીની ટાંકી મુકવા તંત્ર કામે લાગ્યું !

## સપ્તાહ બાદ શૌચાલયોના તાળા ખુલશે : વેપારીઓની સમસ્યાનો ઉકેલ આવશે

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં નવા બનાવાયેલા શૌચાલયોના તાળા ખોલવા તંત્ર દ્વારા પાણીની ટાંકી મુકવાનું કામ શરૂ કરી દેવાયું છે. શહેરમાં જુદા જુદા ઠેકાણે ઉભા કરાયેલા ટોઈલેટ બ્લોકસ આમ નાગરિકો માટે આગામી સપ્તાહના અંતમાં શરૂ કરી દેવાશે. જેના પરિણામે સે-૭ અને ઘ-૨ વિસ્તારમાં વેપારીઓની મુંઝવણનો પણ ઉકેલ આવશે.

ગાંધીનગરમાં જાહેર શૌચાલયોના મામલે છેલ્લા બે વર્ષથી એક યા બીજા વિભાગને જવાબદારી સોંપવાના મામલે નિર્ણય ન લેવાતા લાખોના આંધણ પછી પણ બિનઉપયોગી નિવડેલા જાહેર શૌચાલયોના લીધે જાહેર સ્થળોએ ગંદકીની સમસ્યા વકરી છે. જ્યારે લાંબા સમયના અંતે શૌચાલયોની જાળવણી અને સંચાલનની જવાબદારી ગુડાને સોંપવાનો નિર્ણય લેવાતા પ્રશ્નનો હાલ આવ્યો છે. પરંતુ આ પૂર્વે પાણી પુરવઠો ઉપલબ્ધ કરવા તંત્ર કામે લાગ્યુ છે. શહેરમાં હાલ ઘ-૨, સે-૭ શોપીંગ સેન્ટર, સે-૨૮ બાલોદ્યાન, ઘ-૬, સરીતા ઉદ્યાન સહિતના જાહેર સ્થળોએ નવા શૌચાલયો તાળા લાગેલી હાલતમાં છે. જ્યારે આ શૌચાલયો ગુડાને હવાલે કરતા પૂર્વે તંત્ર દ્વારા પાણીની વ્યવસ્થા માટે ટાંકી મુકવાનું કામ શરુ કરી દેવાયું છે. આગામી સપ્તાહમાં પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરવાનું કામ પૂર્ણ કરી દેવાશે ત્યારબાદ નવા શૌચાલયો લોક ઉપયોગી બનશે. શૌચાલયોના તાળા ખોલવાનો નિર્ણય લેવાતા આખરે શોપીંગ વિસ્તારના વેપારીઓની સમસ્યા હલ થશે.

# કોલેજોમાં વિદ્યાર્થી પંચાયત યોજવા સ્ટુડન્ટ યુનિયનની માંગ

## 'લીડ યોર કેમ્પસ' કાર્યક્રમ અન્વયે એનએસયુઆઈએ કોલેજોના આચાર્યને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૩

નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા 'લીડ યોર કેમ્પસ' કાર્યક્રમ અન્વયે યુનિવર્સિટીઓ તેમજ કોલેજોમાં વહીવટ પારદર્શક બને તેવા આશયથી તેમનું વાર્ષિક બજેટ વેબસાઈડ પર મુકવા પ્રબળ માંગ કરવામાં આવી છે. આ મામલે એન.એસ.યુ.આઈ.ના આગેવાનોએ આજે શહેરની સરકારી કોલેજોના આચાર્યોને આવેદનપત્ર પણ આપ્યું હતું. જેમાં કોલેજમાં એકવાર વિદ્યાર્થી પંચાયત યોજવા પણ માંગ કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ.ના મંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર વિદ્યાર્થી યુનિયન દ્વારા 'લીડ યોર કેમ્પસ' કાર્યક્રમ અન્વયે એવી માંગણી કરવામાં આવી છે કે કોલેજો અને યુનિવર્સિટીઓએ પોતાનું વાર્ષિક બજેટ કોલેજ અને યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઓનલાઈન મુકવુ જોઈએ. જેમાં આર.ટી.આઈ. એકટના સેકશન-૪ મુજબ કોઈપણ વિદ્યાર્થી પોતાની ફી અને સરકારી ગ્રાંટો તથા અન્ય સહાયોથી બનતા બજેટની માહીતી મેળવી શકે.

રૂપિયા ક્યાંથી આવે છે અને તેનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવે છે તે અંગે વિદ્યાર્થીઓ માહિતગાર થઈ શકે. આ વ્યવસ્થાના લીધે ભ્રષ્ટાચારને પણ ડામી શકાશે તેમજ વહીવટ વધુ પારદર્શક બનશે. વધુમાં વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નો પ્રિન્સિપાલને પુછી શકે તેમજ તેનું નિરાકરણ આવે તેવા હેતુથી મહીનામાં એકવાર કોલેજમાં વિદ્યાર્થી પંચાયત યોજાય તેવી પણ માંગ કરવામાં આવી છે. આ મામલે પ્રદેશ એન.એસ.યુ.આઈ.ના વિરેન્દ્રસિંહ ઝાલા, ગુજરાત યુનિ.ના વેલ્ફેર મેમ્બર પ્રતિકસિંહ ગોહીલ, જિલ્લા એન.એસ.યુ.આઈ.ના ઉપપ્રમુખ તપન શ્રીમાળી, મહામંત્રી અશોકસિંહ ચાવડા, સ્વપ્રીલ ચૌધરી તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ આચાર્યોને આવેદનપત્ર આપ્યું હતું.

# સે. ૧૦ એસ.બી.આઈ.ની લીફ્ટમાં બેંકના સુપરવાઈઝર ફસાઈ પડ્યા

## લીફ્ટમાં ગોંધાઈ રહેલા ઈલેક્ટ્રીક સુપરવાઈઝરને ફાયરબ્રિગેડે સલામત બહાર કાઢ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૦માં એસ.બી.આઈ. બેંકની મુખ્ય સાખાની લીફ્ટમાં આજે સવારે ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર ફસાઈ જતા ભારે દોડધામ મચી જવા પામી હતી અને બાદમાં ફાયરબ્રિગેડની મદદથી સુપરવાઈઝરને બહાર કાઢવામાં આવ્યા હતા. ગાંધીનગરના સેકટર-૧૦માં આવેલી એસ.બી.આઈ. બેંકની મુખ્ય શાખામાં ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર તરીકે પંકજભાઈ રાવલ ફરજ બજાવે છે. જે આજે વહેલી સવારે બેંકમાં આવ્યા હતા અને લીફ્ટમાં બેસી ઉપરના માળ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન આ લીફ્ટ પહેલા અને બીજા માળ વચ્ચે અગમ્ય કારણોસર બંધ થઈ જતા પંકજભાઈ લીફ્ટમાં ફસાઈ ગયા હતા અને તેમનો જીવ પડીકે બંધાઈ ગયો હતો. બાદમાં આ ઘટના અંગે બેંકના સિક્યુરીટી ગાર્ડને જાણ કરવામાં આવી હતી અને લીફ્ટની ચાવી વડે લીફ્ટ ખોલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પરંતુ તેમ છતા લીફ્ટ ન ખુલતા આખરે બેંકના અધિકારીઓએ ગાંધીનગર ફાયયબ્રિગેડને જાણ કરી હતી. આથી ફાયરબ્રિગેડના અધિકારી મહેશ મોઢ અને તેમની ટીમના સભ્યો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી બેંકના ટોપ ફ્લોર પર જઈ ઈલેક્ટ્રીક મોટરને બંધ કરી લીફ્ટને સહીસલામત ફસ્ટફ્લોર પર લાવ્યા હતા અને તેને ખોલી લીફ્ટમાં ફસાયેલા પંકજભાઈ રાવલને બહાર નિકાળ્યા હતા.

# બોરીજ ગામે ગંદા પાણીની ટનલમાં ફસાયેલી ગાયનો જીવ બચાવાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક બોરિજ ગામે ગંદા પાણીના ટનલમાં આજે સવારે ગાય ફસાઈ જતા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી રેસ્ક્યુ ઓપરેશન કર્યું હતું અને ગાયને સહી સલામત બહાર કાઢી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ફાયર બ્રિગેડની કચેરીમાં આજે સવારે અગિયાર વાગ્યાના અરસામાં ગાંધીનગર નજીક બોરીજ ગામે ગંદા પાણીના ટનલમાં એક ગાય અચાનક પડી જવાથી ફસાઈ ગઈ છે તેવા સમાચાર મળ્યા હતા જેથી ફાયર ઓફિસર મહેશ મોઢ તેમની ફાયરની ટીમ સાથે તાત્કાલિક બનાવ સ્થળે પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ ફાયરની ટીમના કર્મચારીઓએ ગાયને ટનલમાંથી બહાર કાઢી હતી.

# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો વય નિવૃત્તિ સન્મા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા નિવૃત્ત નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવિંદકુમાર બારોટનો વય નિવૃત્તિ સન્માન સમારંભ અને ગાંધીનગર ઉત્તર-દક્ષિણ મતવિસ્તારના ધારાસભ્યોનો સન્માન સમારંભ ઉજવાઈ ગયો.

પૂર્વ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવિંદકુમાર એસ. બારોટ વય નિવૃત્ત થવાના કારણે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તાજેતરમાં સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર મતવિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા અને વય નિવૃત્ત થતા અરવિંદ બારોટની સેવાઓને બિરદાવી હતી.

સમારંભમાં મહાનગર પાલિકા ગાંધીનગરના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષભાઈ દવેનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વય નિવૃત્ત થતા અરવિંદભાઈને બુકે, શાલ તથા મોમેન્ટો અને ધારાસભ્ય તથા ચેરમેનને બુકે અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. નિવૃત્ત નાયબ ડી.પી.ઓ.એ. જિલ્લાના સમગ્ર શિક્ષકોનો આ પ્રસંગે આભાર વ્યકત કર્યો હતો. પ્રમુખ બળદેવભાઈ ચૌધરી અને મહામંત્રી વિક્રમસિંહ ચાવડાએ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

# દહેગામમાં એટીએમ મશીન તોડવાનો નિષ્ફળ પ્રયાસ



(તસવીર : નિખિલ શાસ્ત્રી)

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક દહેગામ શહેરમાં આવેલી મામલતદાર કચેરી પાસે આવેલી એસ.બી.આઈ. બેંકની આગળના એ.ટી.એમ. મશીનમાં મોડી રાત્રે કેટલાક ઈસમો દ્વારા હથોડા અને કોસ વડે એ.ટી.એમ. મશીન તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરંતુ કાંઈ હાથે ન લાગતા ખાલી હાથે ચોર ઈસમોને ભાગવાનો વારો આવ્યો હતો આ મામલે દહેગામ પોલીસે ગુનો નોંધી એ.ટી.એમ. મશીન તોડવાનો પ્રયાસ કરનાર લોકોની શોધખોળ હાથ ધરી છે. છેલ્લા ઘણા સમયથી રાજ્યના અનેક મોટા શહેરમાં ચોર ઈસમો હવે મોટા વજનદાર એ.ટી.એમ. મશીનોને જ નિશાન બનાવી ઉઠાવી જવાના કિસ્સાઓ વધવા લાગ્યા છે ત્યારે ગત રોજ મોડી રાત્રીના સમયે દહેગામ શહેરમાં સ્થિત મામલદાર કચેરી પાસે આવેલ એસ.બી.આઈ. શાખાના એ.ટી.એમ. મશીનની અંદર હથોડા અને કોસ જેવા હથિયારો સાથે પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલ એટીએમ મશીનને તોડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ એટીએમ મશીન ન તૂટતા ચોર ઈસમ ભાગી ગયા હતા.

આ મામલે સવારે લોકોને જાણ થતા તાત્કાલિક દહેગામ પોલીસને જાણ કરી અને દહેગામ પોલીસે ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરી હતી અને એટીએમ મશીન તોડવામાં લેવાયેલા હથિયારો કબજે કર્યા હતા અને એટીએમ મશીન તોડવાનો પ્રયાસ કરનાર શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના બુટભવાની મંડળ દ્વારા આજે તા. ૨૪મી જુલાઈને બુધવારે બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન રાજેન્દ્ર પારેખના નિવાસે પ્લોટ નં. ૯૭૫/૨, સે-૨-સી, ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે. આનંદના ગરબામાં સર્વે માઈ ભકતોને લાભ લેવા ખાસ જણાવાયું છે.

# સિસિકા મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રતની બહેનોને સૂકા મેવાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા તાજેતરમાં ગૌરીવ્રત નિમિત્તે સેકટર-૨૯, સેકટર-૨ની સરકારી શાળાઓમાં અને સેકટર-૧૨ની નારી સંરક્ષણ ગૃહની બહેનોને સૂકો મેવો, ફેન્સી ચાંલ્લા, બટરફલાય, મહેંદી કોન અને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગૌરીવ્રત નિમિત્તે જશુબેન ઠકકર, સુમનબેન શાહ, સરોજબેન દેસાઈ, શર્મિષ્ઠાબેન દવેએ ગૌરીવ્રતની માહિતી આપી હતી અને ગૌરી વ્રતના ગીતો ગવડાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વિતરણ સેવા આશાબહેન, અનીલાબહેન, કુસુમબહેન, હંસાબહેન અને મનોરમાબહેન તરફથી મળી હતી.

# દોલારાણા વાસણાની કિશોરી ગૂમ થતાં ફરિયાદ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક દોલારાણા વાસણા ગામે રહેતી ૧૬ વર્ષીય કિશોરી ગત રોજ અગમ્ય કારણોસર ઘરમાં કોઈને કહ્યા વગર કયાંક ચાલી જતા પરિવારજનો ચિંતાતુર બન્યા છે અને આ મામલાની જાણવા જોગ ફરિયાદ ચિલોડા પોલીસ મથકમાં નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ દોલારાણા વાસણા ગામે મનુસિંહ બાબુસિંહ રાઠોડના બોર પર રહેતા રાજુભાઈ દંતાણીની ૧૬ વર્ષીય કિશોરી ભાવિકાબેન દંતાણી ગત રોજ બપોરના ૧૨.૪૫ કલાકે ઘરે કોઈપણ વ્યકિતને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે ઘઉંવર્ણના, લંબગોળ ચહેરો, પાંચ ફુટનીઉંચાઈ ધરાવે છે અને ગુજરાતી તેમજ હિંદી ભાષા જાણે છે અને શરીરે પંજાબી ડ્રેસ પહેરે છે.

તે કયાંક ચાલ્યા ગયા છે જે અંગે પરિવારજનોએ ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી કિશોરીની શોધખોળ હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ૧૨મું 'તપોવન સંશોધન કેન્દ્ર' ખુલ્લું મુકાયું



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું એક અત્યંત મહત્ત્વનું કાર્ય છે - ગર્ભવતી બહેનોને ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કારનુંશિક્ષણ આપવું. આ કાર્ય કરવા માટે યુનિવર્સિટી રાજ્યમાં વિવિધ સ્થળે 'તપોવન સંશોધન કેન્દ્ર' શરૂ કરી રહી છે. કોઈ મોટી હૉસ્પિટલમાં કે સરકારનાં ઁઊંઝ/ ઝઊંઝ નાં સ્થાનોમાં તપોવન શરૂ કરવામાં આવે છે. રોજ ચાલતાં આ કેન્દ્રોમાં ગર્ભવતી માતાઓ આવે છે. અહીં એમને યોગ, ધ્યાન, ગીત, વાર્તા, રમત, ચિત્રકામ, ભરતગૂંથણ, પ્રકૃતિવિહાર જેવી વિવિધ પ્રવૃત્તિઓ બે-ત્રણ કલાક સુધી કરાવવામાં આવે છે. એમને ઉપયોગી ફિલ્મો દેખાડવામાં આવેછે. ગર્ભસ્થ શિશુના વિકાસને યોગ્ય સંગીત સંભળાવવામાં આવે છે. સારાં પુસ્તકો વંચાવવામાં આવે છે અને પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે.

૨ ઓક્ટોબર ૨૦૧૦થી શરૂ થયેલા આ કામમાં અત્યાર સુધીમાં ૧૧૦૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો છે. આણંદ જિલ્લામાં આણંદ, તારાપુર, સારસા, થામણા અને દાઓલ; ગાંધીનગર જિલ્લામાં રૂપાલ અને ઈસનપુર મોટા; પાટણ જિલ્લામાં સમી, દાહોદ, ભાવનગર અને નડિયાદ (સંતરામ મંદિર) — એમ અત્યાર સુધી ૧૧ કેન્દ્રો કાર્યરત છે. એમાં હવે ૧૨મું કેન્દ્ર ઉમેરાયું છે. ૨૧ જુલાઈ ને રવિવારે શિક્ષણ, મહિલા અને બાળકલ્યાણ ખાતાના મા. મંત્રી શ્રી વસુબહેન ત્રિવેદીએ મણિનગર, અમદાવાદ ખાતે આવેલા કામદાર રાજ્ય વીમા યોજનાના ૭-૩૬ દવાખાનામાં આ યોજના હેઠળનું ૧૨મું કેન્દ્ર ખુલ્લું મૂક્યું.

ડૉ. મેઘાબહેન શાહ તથા એમની ૧૨ ડૉકટરની ટીમ અત્યંત સક્રિયપણે આ કામમાં જોડાઈ છે. એમણે સતત છેલ્લા ૮ મંગળવારથી સમગ્ર અમદાવાદમાંથી ૫૫ જેટલી ગર્ભવતી બહેનોને આ કેન્દ્રમાં આવતી કરી હતી અને યુનિવર્સિટીની યોજના પ્રમાણે અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી. દવાખાનાના હૉલમાં ગર્ભવિજ્ઞાનની મહત્ત્વપૂર્ણ માહિતી, ચાર્ટ્સ, પુસ્તકો અને ગર્ભવતી બહેનોએ જાતે બનાવેલી સુંદર વસ્તુઓની પ્રદર્શનીનું મા. વસુબહેન દીપપ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કર્યું હતું.

ત્યારબાદ દવાખાનાની નજીક આવેલા સ્વામિનારાયણ મંદિરના મુક્તજીવન હૉલમાં સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી અમદાવાદના ૪૦૦ જેટલા પ્રબુદ્ધ નગરજનોની ઉપસ્થિતિમાં તપોવન કેન્દ્રનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો, જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, અમદાવાદ શહેરના મેયર શ્રી મીનાક્ષીબહેન, ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા, યોગ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી દિનેશભાઈ અમીન, ઈજીંજી ના નિયામક ડૉ. નિતિનભાઈ વોરા તથા જાણીતા લેખક — ડૉકટર શ્રી શરદભાઈ ઠાકર સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ પ્રસંગે બોલતાં મા. વસુબહેને કહ્યું કે મુખ્યમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં દર્શન અને સ્વપ્નને સાકાર કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રતિબદ્ધ છે અને ભવિષ્યના શ્રેષ્ઠ સમાજની રચના માટે આ પાયાનું કાર્ય છે. આ કાર્યમાં સરકાર પૂર્ણ સહકાર આપશે એવી ખાતરી આપતાં તેમણે સમાજને પણ આ કાર્યમાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આ યોજનાનું મહાનગર ખાતે આ પ્રથમ સોપાન છે, જે ગર્ભવિજ્ઞાન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સંશોધન કાર્ય અને દસ્તાવેજીકરણ કરી સમાજને નવી દિશા આપશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૬

## તાપમાન

મહત્તમ : ૨૯.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૮૫ ટકા

વરસાદ ૨૯ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

ધ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

ડી- ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોથી લોકો પ્રશંસા કરશે. ભાગ્યવર્ધક કાર્યમાં અડચણ સંભવિત. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકશે. નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. બૌદ્ધિક હેરાનગતિની સંભાવનાઓ રહેલી છે. ભૂતપૂર્વ મિત્રને મળવાનું થશે.

**મિથુન** : ધૈર્યથી વ્યાપારિક કાર્યો પૂર્ણ કરવા. મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકે છે. ધાર્મિક યાત્રા અને વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં ધન ખર્ચ થશે. અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

**સિંહ** : શૈક્ષણિક પ્રતિસ્પર્ધામાં સફળતા થવાની સંભાવના છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : શુભ માંગલિક કાર્યોનો યોગ બની રહ્યો છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. ભવન, વાહન, પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

**વૃશ્ચિક** : પદ. મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ બની રહ્યો છે. ઉચ્ચસ્તરીય વાહન સુખ પ્રાપ્તિનો યોગ. શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો.

**ધન** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

**મકર** : રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય સફળતા પ્રદાન કરશે, ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધ કાર્ય પૂર્ણ થશે. રોજગાર સંબંધઈ કાર્યોમાં લાભ થશે.

**મીન** : માનસિક સંયમનું પાલન કરવું. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થશે.

## ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ સોમાભાઈ વ્યાસ (ઉ.વ. ૬૫) અંબાજી મંદિર પાસે, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચંદનબેન કાન્તીલાલ ભાવસાર (ઉ.વ. ૭૨) ૯ શાલીન-૨, મુ.પો.વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બેચરભાઈ લાલાભાઈ પરમાર (ઉ.વ. ૮૧) મુ.પો. મક્કાખાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. સોમાજી જગાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.